## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, દારૂમાં પણ કોરોના જેવું કરોને... ઘરે બેસીને દેશી પીવે એને પકડવાના નહીં...!!**

# ગાંધીનગર શહેરમાં ઠંડી જામતી જાય છે

**બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં અઢી ડિગ્રીનો ઘટાડો : રાત્રીના સમયે વધતી ઠંડીથી વસાહતીઓ ઘરમાં રહેવાનું પસંદ કરે છે**

ગાંધીનગર, તા. ૪

ધીમે ધીમે શિયાળો જામી રહ્યો છે. નવેમ્બર માસના પ્રારંભે જ શિયાળો જાણે જમાવટ કરી રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં છેલ્લા બે દિવસથી અઢી ડિગ્રી જેટલી ગીરાવટ આવતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવરાત્રી બાદ ઠંડીની અસર વધી રહી છે. છેલ્લા એક અઠવાડિયાથી સવારે અને રાત્રે ઘરની બહાર નીકળો એટલે ઠંડીની અસર વધુ વર્તાતી જાય છે. દ્વિચક્રી વાહન પર નીકળતા સમયે ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત જણાતી જાય છે. દિવસ મોડો ઉગે છે અને વહેલો આથમી જાય છે.

સૂર્યના કિરણો ધીમે ધીમે કુણા પડી રહ્યા છે. એસી અને કુલર તો ક્યારનાય બંધ થઈ ગયા છે. પરંતુ છેલ્લા ચાર-પાંચ દિવસથી તો પંખાની સ્પીડ ઓછી કરવી પડે તેવી સ્થિતિ સર્જાતી જાય છે.

એમાંય ગાંધીનગરમાં ગ્રીનરીના કારણે ઠંડીની અસર વધુ વર્તાય છે. છેલ્લા બે દિવસથી શહેરનું લઘુત્તમ તાપમાન સતત ગગડી રહ્યુ છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિ.સે. નોંધાયુ હતુ જે હવે અઢી ડિગ્રી જેટલુ ઘટીને ૧૫ ડિ.સે. પર પહોંચ્યુ છે. ઠંડી વધતા હવે તેની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. વસાહતીઓ સાંજ પડતા જ ઘરમાં પુરાઈ જાય છે જેના કારણે માર્ગો પર વાહનોની અવરજવર ઓછી જોવા મળે છે.



ગ-૨ સર્કલની બાજુમાં પંચમુખી હનુમાનજીની ડેરી પાસે પાકુ દબાણ કરવામાં આવ્યું હતું. વન વિભાગની જમીનમાં કરવામાં આવેલું આ દબાણ વન વિભાગના ધ્યાને આવતા આ દબાણને તોડી પાડવામાં આવ્યું હતું.

# દારૂ ભરેલી કારચાલકે હેડ કોન્સ્ટેબલને ઈજા પહોંચાડી

**એલસીબી-૨ના ઘાયલ કર્મચારી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ, પોલીસે કારનો પીછો કરી બે કારને દહેગામથી ઝડપી પાડી, એક ગાડીમાંથી ૮૨ બોટલ દારુ મળી આવ્યો**

ગાંધીનગર, તા.૪

દહેગામ-મોડાસા માર્ગ દારૂની હેરાફેરી માટે ફેવરીટ ગણાતો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે દારૂની બાતમીને પગલે એલસીબી સ્ટાફના જવાનો રખીયાલ પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે એક ની પાછળ એક એમ બે કાર પસાર થઈ હતી. જેમાં વિદેશી દારૂ ભરેલી કારના ચાલકે એલસીબીના હેડ કોન્સ્ટેબલ પર કાર ચઢાવી દેતા ગંભીર ઈજા પહોંચી હતી. તે બંન્ને કારનો તાત્કાલીક હાજર પોલીસ કર્મચારીઓ પીછો કરી દહેગામ પાસેથી પકડી પાડી હતી.



પોલીસને તેમાંથી એક કારમાંથી વિદેશી દારુની ૮૨ બોટલ કિં.રૂ.૨૯,૩૦૦ સાથે બે વ્યકિતઓને પકડી પાડ્યા હતા. જયારે ભાગી છુટેલા અન્ય ત્રણ વ્યકિત સામે હત્યાની કોશીશ સહિત પ્રોહિબિશન અંગેની ફરીયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામના રખીયાલ પોલીસ મથક વિસ્તારમાં દારૂની મળેલી બાતમીને પગલે એલસીબી-૨ ની ટીમના સભ્યો વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે માર્ગ પર આવી રહેલી એકની પાછળ એક કારને રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકોએ તેમની કાર રોકી ન હતી. તે દરમિયાન એક કારના ચાલકે તેની કાર એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ અશ્વિનસિંહને જોરદાર ટક્કર મારી હતી. જેથી અશ્વિનસિંહને નાક અને મોંઢાના ભાગ પર અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગરની ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જયારે ટક્કર મારીને નાસી છુટેલા કાર ચાલકને પકડી પાડવા માટે પોલીસના સ્ટાફના જવાનોએ પીછો કરી દહેગામ પાસેથી બે કારને પકડી પાડી હતી. એક કારમાંથી પોલીસને રૂ.૨૯,૩૦૦ ની કિંતમનો ૮૨ બોટલ દારુ ઝડપી પાડ્યો હતો. જયારે બીજી કારના ચાલકને પણ પોલીસે પકડી પાડયો હતો. જયારે ત્રણ શખ્સો ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે લોકેશ લાલશંકર કટારા, નાનુરામ જગમાલ કટારાની ધરપકડ કરી હતી. જયારે નાસી છુટેલા ભરત અહારી પ્રેમરોત, અને રમેશ નામના શખ્સ સામે પ્રોહીબીશન તેમજ હત્યાની કોશિશની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. દારુ લઈને ભાગી રહેલી કારના ચાલકે ટક્કર મારતા તેમા બેસેલા ચાલક સહિત પાંચ વ્યકિતઓને નાની મોટી ઈજા પહોંચી હતી.જેને પગલે રીક્ષા ચાલકે પણ કારના ચાલક સામે પોલીસ મથકે ફરીયાદ કરી છે.

## ખૂણેખાંચરેથી

- આગામી ૮ મી નવેમ્બર સુધી દિવસનું તાપમાન સરેરાશ ૩૪ ડીગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સે. રહેવાની સંભાવનાઓ કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં કરવામાં આવી છે.
- દહેગામ તાલુકાના જાલિયાના મઠ ગામે આજે સોઈલ હેલ્થ કાર્ડના પરિણામો પછી ખાતરનો ઉપયોગ કરી અને ઉત્પાદન કેવી રીતે વધુ મેળવી શકાય તેને લઈ જિલ્લા ખેતીવાડી તંત્રએ આજે કિસાન ગોષ્ઠીનું આયોજન કર્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૯૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.
- રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આજે વિધાનસભાની ચૂંટણી માટે ઈન્ચાર્જ તરીકેની ફરજ બજાવનાર મંત્રીઓએ ૮ એ બેઠક પર ભાજપનો વિજય નિશ્ચિત હોવાના અહેવાલો રજુ કર્યા હતા.
- ગાંધીનગર મનપા દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન મેયર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સન્માન સામાજિક અંતર જાળવવા અને સંખ્યાની મર્યાદાને ધ્યાને લઈ તબક્કાવાર સન્માન કરવામાં આવનાર છે. મેયર રીટાબેન પટેલે સૌએ તેમની બજાવેલી ઉમદા સેવાનું સન્માન તંત્ર કરી રહ્યુ છે તેમ કહ્યુ હતુ. આજે ૩૦ થી વધુ કર્મયોગીઓનું સન્માન કરાયુ હતુ.

# લીફટ અને તેના સ્થાપનની વીજળીક સલામતિ સુનિશ્ચિત કરાવી લેવી અનિવાર્ય

ગાંધીનગર, તા. ૪

રાજયના મુખ્ય વિદ્યુત નિરીક્ષક દ્વારા જણાવાયાનુંસાર લીફટ અને તેના સ્થાપનની વીજળીક સલામતિ સુનિશ્ચિત કરાવી લેવી અનિવાર્ય છે. એ જ રીતે લીફટ સ્થાપનોના માલિકોને લાઈટીંગ સર્કિટમાં સત્વરે આરસીસીબી પ્રસ્થાપિત કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

યાદીમાં વધુમાં જણાવાયાનૂસાર ગુજરાત લીફટ અને એસ્કેલેટર્સ એકટ, ૨૦૦૦ અને તે હેઠળ ઘડાયેલ નિયમો મુજબ રાજયમાં સ્થપાતા નવા લીફટ સ્થાપનો અને હાલમાં કાર્યરત લીફટ સ્થાપનોને સતત સલામત સ્થિતિમાં જાળવી રાખવાની અને તેમાં કોઈ અકસ્માત ન સર્જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી લીફટ સ્થાપનના માલિકની રહે છે.

તાજેતરમાં રાજકોટ શહેરમાં લીફટની કેબીન પર વીજ કરંટ લીકેજ થવાના કારણે બે વ્યકિતઓના મૃત્યુ થવા પામેલ. લિફટનો ઉપયોગ કરનાર મુસાફરોને વીજકરંટ લીકેજ સામે રક્ષણ પૂરૂં પાડવા માટે લીફટ-કાર કેબીનની લાઈટીંગ સરકીટમાં ૩૦ મીલી એમ્પીયરની સંવેદનશીલતાવાળું અર્થ લીકેજ રક્ષણાત્મક ઉપકરણ એટલેકે આરસીસીબી લગાવવામાં આવે તો આવા અકસ્માત બનવાની સંભાવના નિવારી શકાય તેમ છે.

આથી રાજયમાં કાર્યરત તમામ લીફટ સ્થાપનોના માલિકોને અને લીફટનું ઈરેકશન તથા મેઈન્ટેનન્સ કરવા માટે અધિકૃત કરાયેલ સરકાર માન્ય એજન્સીઓને તેમની માલિકી/ મેઈન્ટેનન્સ હેઠળની લિફટની સલામતિ જાળવવા અને વીજળીક અકસ્માત નિવારવા માટે લિફટ કાર-કેબીનની લાઈટીંગ સર્કિટમાં સત્વરે આરસીસીબી પ્રસ્થાપિત કરવા આથી તાકીદ કરવામાં આવે છે અને લીફટ સ્થાપનમાં આરસીસીબી પ્રસ્થાપિત કરાયા અંગેની જાણ સંબંધિત ચીફ ઈન્સ્પેકટર ઓફ લીફટને તુરતજ કરવા વિનંતી છે. લીફટનો ઉપયોગ કરનાર નાગરિકોની સલામતિ જળવાય તે માટે સહકાર આપવા તમામ સંબંધિતોને વિનંતી પણ કરવામાં આવી છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર સમાચારના પત્રકાર સમીર રામીના બનેવી મણિનગર-અમદાવાદ



નિવાસી નિકેતકુમાર સુરેન્દ્રભાઈ દવે (ઉ.વ. ૫૧)નું આજરોજ તા. ૦૪ નવેમ્બર બુધવારે આકસ્મિક નિધન થવા પામ્યું છે.

સ્વ. નિકેતકુમાર દવે વટવા જીઆઈડીસી ખાતે કેરવેલ એન્જિનિયર્સના નામથી ઈન્ડસ્ટ્રીયલ પંપ બનાવવાનો ઉદ્યોગ ચલાવતા હતાં. સદગત તેમની પાછળ પત્નિ હીનાબેન અને બે પુત્રો અદિત અને પૃથ્વીને વિલાપ કરતાં મુકી ગયાં છે.

# ટુ-વ્હીલર ખરીદી ઉપર સરકાર ૧૨૦૦૦ની સબસિડી આપશે

રાજ્યના વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગને પ્રેરિત કરતી સહાય યોજના ઝસ રૂપાણીએ જાહેર કરી છે. આ સહાય યોજના અન્વયે રાજ્યના ધોરણ-૯થી લઈને કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા સરકાર ૧૨૦૦૦ રૂપિયાની સહાય આપશે. આ સહાય ૧૦,૦૦૦ વાહનોને આપવાનો લક્ષ્યાંક છે.

રાજ્યના વિવિધ નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતું વાયુ પ્રદૂષણ અટકાવવા ઈલેકટ્રીક વાહનોના ઉપયોગ કરનારાઓને રૂા. ૧૨૦૦૦ની સહાય આપવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ જાહેરાત કરી હતી. અગાઉ બેટરી સંચાલિત ટૂ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ માટે સહાય યોજના જાહેર કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ઈલેકટ્રીક ટૂ-વ્હીલર ખરીદવા વિદ્યાર્થીઓને રૂ. ૧૨ હજારની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ વધુ પ્રમાણમાં લોકો કરતાં થાય તે માટે ઉપરોક્ત યોજના જાહેર કરવામાં આવી છે.


## ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનો છે**

ગાંધીનગર-પેથાપુર સર્કલ પાસે આવેલ બોસ્કી-એલીગન્ટમાં બે બેડરૂમનો ફલેટ ભાડે આપવાનો છે.

**સંપર્ક : ૯૭૨૨૩ ૭૨૬૫૬**



KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

**KALPATARU POWER TRANSMISSION LIMITED**

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028. **CIN :** L40100GJ1981PLC004281
**Tel No.:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com (₹ in Crores)

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2020**

| Sr. No. | Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | Half Year Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Half Year Ended | | Year Ended (Audited) |
| | | September 30, 2020 | September 30, 2019 | September 30, 2020 | September 30, 2019 | March 31, 2020 | September 30, 2020 | September 30, 2019 | September 30, 2020 | September 30, 2019 | March 31, 2020 |
| 1 | Total Income from Operations | 1,882 | 1,967 | 3,341 | 3,622 | 7,904 | 3,032 | 3,216 | 5,362 | 5,987 | 12,676 |
| 2 | Net Profit for the period (before tax, exceptional and/or extraordinary items) | 187 | 161 | 288 | 303 | 642 | 194 | 213 | 248 | 381 | 644 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and/or extraordinary items) | 201 | 161 | 302 | 303 | 666 | 198 | 213 | 252 | 381 | 648 |
| 4 | Net Profit for the period (after tax, exceptional and/or extraordinary items) | 159 | 127 | 228 | 219 | 463 | 139 | 137 | 167 | 244 | 390 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 174 | 115 | 244 | 205 | 439 | 152 | 120 | 182 | 223 | 351 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 30 | 31 | 30 | 31 | 31 | 30 | 31 | 30 | 31 | 31 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve) | | | | | 3,505 | | | | | 3,327 |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| | (a) Basic : | 10.36 | 8.26 | 14.80 | 14.24 | 30.02 | 9.38 | 8.58 | 12.27 | 15.08 | 25.25 |
| | (b) Diluted : | 10.36 | 8.26 | 14.80 | 14.24 | 30.02 | 9.38 | 8.58 | 12.27 | 15.08 | 25.25 |

**Notes :**

1. The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on November 04, 2020. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
3. On October 5, 2020 the Company has completed transfer of its entire stake in Jhajjar KT Transco Private Limited (JKTPL) to India Grid Trust. Since then JKTPL cease to be joint venture of the Company.
4. The Board of Directors of the Company in its meeting held on May 20, 2020 had approved a proposal for buyback of Equity Shares of the Company for an amount not exceeding ₹ 200 Crore (Maximum Buyback Size, which shall exclude transaction cost of buyback) from the Open Market through Stock Exchanges (NSE and BSE) at the Maximum buyback price of ₹ 275/- per equity share. The indicative number of Equity shares to be bought back at the Maximum buyback size would be 72,72,727 Equity Shares (if worked out at the maximum buyback price) which is about 4.70% of the paid-up equity shares of the Company as on March 31, 2020. The buyback period commenced on June 01, 2020. During the half year ended September 30, 2020, the Company bought back 29,84,372 equity shares from the Open market through stock exchanges, out of which settlement of 2,00,000 Equity Shares was pending as on September 30, 2020. Subsequent to the period ended September 30, 2020, the Company has further purchased 20,11,890 number of shares till date.
5. The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Date : November 04, 2020
Place : Mumbai

**Manish Mohnot**
**Managing Director & CEO**
**(DIN : 01229696)**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.



ક્લાઈમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર




**બેટરી સંચાલિત ત્રિ ચક્રી વાહન યોજના વર્ષ ૨૦૨૦-૨૧**
**યોજનાનો લાભ મેળવવા શું કરશો?**

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે? | વ્યક્તિગત તથા સંસ્થાકીય અરજદારો |
| અરજીપત્રક ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| અરજી સાથે શું વિગતો આપવાની થાય છે? | અ. વ્યક્તિગત અરજદાર<br>● આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ<br>ત્રિ ચક્રી વાહન ચલાવવા માટેના ડ્રાઈવીંગ લાયસન્સની સ્વપ્રમાણિત નકલ<br>● અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ/ મહિલા સાહસિક/ સ્ટાર્ટઅપ સાહસિક/ ગરીબ/ અતિગરીબ/ બિન અનામત વર્ગનાં આર્થિક પછાત અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો)<br>બ. સંસ્થાકીય અરજદાર<br>● સંસ્થાની નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સંસ્થાના લાઇટબીલ/પ્રોપર્ટી ટેક્ષ બીલની સ્વપ્રમાણિત નકલ સંસ્થાનો ત્રિ ચક્રી વાહન ખરીદવા અને વપરાશ કરવા અંગેનો ઠરાવ |
| અરજીપત્રક કોને જમા કરાવવાનું રહેશે? | અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ / જેડા કચેરીમાં જમા કરાવવાનાં રહેશે. |
| પ્રાથમિકતાના ધોરણો | વ્યક્તિગત - રિક્ષાચાલક/ મહિલા સાહસિક/ યુવા સ્ટાર્ટઅપ સાહસિક/ શિક્ષિત બેરોજગાર/ અનુસૂચિત જાતિ/ સામાજીક આર્થિક મોજણી અંતર્ગત જાહેર કરેલા ગરીબ/ અતિ ગરીબ/ અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ/ બિનઅનામત વર્ગ આર્થિક પછાત<br>સંસ્થાકીય - સહકારી મંડળીઓ/ યાત્રાધામો/ નફો ન કરતી સંસ્થાઓ/ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ/ શૈક્ષણિક સંસ્થાઓ |
| આ અંગે રાજ્ય સરકારની કેટલી સબસીડી મળવાપાત્ર છે? | રૂા. ૪૮,૦૦૦/- પ્રતિ વાહન |
| સબસીડીનો લાભ કઇ રીતે મળશે? | જેડા દ્વારા યોજનાની શરતો મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીના બેંક ખાતામાં વાહનની ખરીદી કર્યા પછી જમા કરાશે |
| વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડલ, મહત્તમ ભાવ, તથા તેમના ડીલર્સની માહિતી ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| સંપર્ક સૂત્ર | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગર ફોન નં.: ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ તથા માન્ય ઉત્પાદકો* |

**માન્ય ઉત્પાદકો : ● ૧. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લી. - ૯૯૦૯૯૮૩૭૦૧ ● ૨. અતુલ ઓટો લી. - ૯૭૧૪૮૧૮૯૦૦, ૬૩૫૭૩૯૯૭૯૯ ● ૩. આર્યા ઓટો મોબાઇલ્સ - ૮૮૬૬૨૮૦૨૨૦, ૯૮૯૮૯૬૭૭૩૩**

**બેટરી સંચાલિત વાહન અપનાવીએ અને શુદ્ધ હવા સાથે સસ્તી અને સુરક્ષિત સવારી કરીએ.**
– શ્રી નીતિનભાઇ પટેલ, માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩ ● ઈ-મેલ : director@geda.org.in
વેબ સાઈટ : www.geda.gujarat.gov.in